**(1) સ્વચ્છ ભારત પુરસ્કાર, 2020ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) સ્વચ્છ સુંદર સામુદાયિક શોચાલય શ્રેણી અંતર્ગત ગુજરાત રાજ્ય દ્વારા પ્રથમ પુરસ્કાર જીતવામાં આવ્યો હતો.

(2) સામુદાયિક શૌચલય શ્રેણી અંતર્ગત પ્રયાગરાજ અને બરેલી દ્વારા સૌથી ßસરૂ પ્રદર્શન કરનાર જીલ્લાનો પુરસ્કાર જીત્યો હતો.

(3) આ પુરસ્કાર એ સ્વચ્છ સુંદર શૌચાલય, ગંદગી મુકત ભારત અને સામુદાયિક શૌચાલય અભિયાન એમ ત્રણ શ્રેણી અંતર્ગત આપવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ 2 ઓકટોબર, 2020ના કેન્દ્રીય જલ શકિત મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત પુરસ્કાર, 2020 આપવામાં આવ્યા હતા.

⇛ આ પુરસ્કાર સ્વચ્છતા શ્રેણીઓ અને પેયજલ શ્રેણી અંતર્ગત આપવામાં આવે છે.

⇛ આ પુરસ્કારોને ત્રણ શ્રેણીઓ અંતર્ગત પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. જેનું નામ સ્વચ્છ સુંદર શૌચાલય, ગંદગી મુકત ભારત અને સામુદાયિક શૌચાલય અભિયાન છે.

⇛ ગુજરાત દ્વારા રાજ્ય સ્તર પર સ્વચ્છ સુંદર સામુદાયિક શૌચાલય અંતર્ગત પ્રથમ પુરસ્કાર જીત્યો હતો.

⇛ સામુદાયિક શૌચાલય શ્રેણી અંતર્ગત ગુજરાત અને ઉત્તરપ્રદેશ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા રાજ્યો હતા જ્યારે તે જ શ્રેણી અંતર્ગત પ્રયાગરાજ અને બરેલી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા જિલ્લાઓ હતા.

⇛ ગંદગી મુકત ભારત મિશન અંતર્ગત તેલંગાણા અને હરિયાણાને પ્રથમ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવ્યા હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) નીચેનામાંથી કઈ થીમનો સમાવેશ 'વૈભવ સમિટ'' અંતર્ગત કરવામાં આવ્યો છે ?

(1) આત્મનિર્ભર ભારતની પહેલને મજબૂત બનાવવી.
(2) સમગ્ર વિશ્વમાંથી વિવિધ શૈક્ષણિક સંસ્કૃતિને એકસાથે લાવવી.
(3) સમગ્ર વિશ્વમાં ફેલાયેલા ટોચના ભારતીયોને તેમના સમકક્ષો સાથે સહયોગ તંત્ર વિશે ચર્ચા કરવી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ 2 અકોટોબર, 2020ના રોજ ભારતના પ્રધાનમંત્રી VAIBHAV શિખર સંમેલનનું ઉદ્દઘાટન કરશે.

⇛ VAIBHAVનું પૂરું નામ "Vaishvik Bhartiya Vaigyanik" છે.

⇛ આ સંમેલન વિભિન્ન વિદેશી શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન અને વિકાસ અંતર્ગત ટોચની વ્યકિતઓથી લઈને ભારતીય મૂળના વિશેષજ્ઞોને એક સાથે લાવશે.

⇛ આ સંમેલન સમસ્યાનું સમાધાન કરવાના દષ્ટિકોણ પર કેન્દ્રિત વિચાર પ્રક્રિયાને સક્ષમ કરશે.

⇛ સંમેલનની થીમ નીચે મુજબ રાખવામાં આવી છે.
(1) આત્મનિર્ભર ભારતની પહેલને મજબૂત બનાવવી.
(2) સમગ્ર વિશ્વમાંથી વિવિધ શૈક્ષણિક સંસ્કૃતિને એકસાથે લાવવી.
(3) સમગ્ર વિશ્વમાં ફેલાયેલા ટોચના ભારતીયોને તેમના સમકક્ષો સાથે સહયોગ તંત્ર વિશે ચર્ચા કરવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ટ્રાઈબ્સ ઈન્ડિયા ઈ-માર્કેટપ્લેસના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) તે નીતિ આયોગની એક પહેલ છે.

(2) આ પ્લેટફોર્મના માધ્યમથી આદિવાસીઓ પોતાના ઉત્પાદનોને છૂટક વેપારીઓ સુધી વેંચી શકશે.

(3) આ પહેલ અંતર્ગત વ્યકિતગત આદિવાસી કારીગર, આદિવાસી સ્વયં સહાયતા સમૂહ અને આદિવાસી સાથે કાર્ય કરતા સંગઠનો કે NGOનો સમાવેશ કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કેન્દ્રીય જનજાતીય બાબતોના મંત્રી દ્વારા ભારતના સૌથી મોટા હસ્તશિલ્પ અને જૈવિક ઉત્પાદનોના બજાર ટ્રાઈબ્સ ઈન્ડિયા ઈ–માર્કેટપ્લેસ લોંચ કર્યું હતું.

⇛ આ પહેલ એ “ટ્રાઈબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા” (TRIFED)ની એક પહેલ છે.

⇛ તેના માધ્યમથી દેશભરમાં વિભિન્ન હસ્તકલ્પ, પ્રાકૃતિક ખાદ્ય ઉત્પાદનો માટે 5 લાખ આદિવાસી ઉત્પાદકોને શામેલ કરવામાં આવશે.

⇛ આ પહેલ અંતર્ગત વ્યકિતગત આદિવાસી કારીગરો, આદિવાસી સ્વયં સહાયતા સમૂહો અને આદિવાસી સાથે કામ કરતા સંગઠનો અને NGOનો સમાવેશ કરવામાં આવશે.

⇛ આ પ્લેટફોર્મ આદિવાસીઓને ઈ–માર્કેટ પ્લેસ ખાતાની સાથે આઉટ્લેટસ અને ઈ–કોમર્સ ભાગીદારોના નેટવર્કના માધ્યમથી પોતાના માલને પોતાના છૂટક વેચાણકારો અને વિતરણ કરતા લોકોના માધ્યમથી વેચવાની છૂટ આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકના સંદર્ભે નીચેનામાંથી કયા વિધાનો સાચા છે ?

(1) તેનું ગઠન એ કંપની એક્ટ, 2013 અંતર્ગત કરવામાં આવ્યું છે.

(2) આ બેંક એ ઋણની સેવા સાથે ક્રેડિટ કાર્ડની પણ સેવાઓ આપે છે.

(3) બેંક એ ડેબિટ કાર્ડ ગ્રાહકો આપી શકે છે.

(A) માત્ર (1) અને (2)    (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)    (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં COVID-19 મહામારી વચ્ચે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક દ્વારા 3.6 કરોડ ગ્રાહકોનો આંકડો પાર કરવામાં આવ્યો હતો.

⇛ તેની સ્થાપના એ કંપની એક્ટ, 2013 અંતર્ગત કરવામાં આવી હતી. તે એક પબ્લિક લિમિટેડ કંપની છે જે ડાક વિભાગ અંતર્ગત કાર્ય કરે છે.

⇛ આ બેંકના ગ્રાહકો અન્ય બેંકની જેમ ખાતાઓ ખોલાવી નાણાકીય વ્યવહારો કરી શકે છે.

⇛ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક એ ગ્રાહકોને ડેબિટ કાર્ડ આપી શકે છે, પરંતુ બેંકને ઋણ આવાની તથા ક્રેડિટ કાર્ડ આપવાની મંજૂરી આપવામાં આવી નથી. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) RAISE-2020ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) તેનું આયોજન એ ઈલેક્ટ્રોનિક અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય તથા નીતિ આયોગ દ્વારા કરવામાં આવશે.

(2) તેનો ઉદ્દેશ્ય જવાબદાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સંભાવનાને વધુ સારૂ બનાવવાનો છે.

(3) તેની થીમ એ "સામાજિક સશક્તિકરણ માટે જવાબદાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ" રાખવામાં આવી છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ RAISE 2020નું આયોજન એ 5-9 ઓક્ટોબર, 2020 વચ્ચે કરવામાં આવશે.

⇒ RAISEનું પૂરું નામ એ 'Responsible AI for Social Empowerment" છે. અને તે જ તેની થીમ છે.

⇒ તેનું આયોજન ઈલેક્ટ્રોનિક અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય તથા નીતિ આયોગ દ્વારા કરવામાં આવશે.

⇒ RAISE 2020નો ઉદ્દેશ્ય સારા ભવિષ્ય માટે સામાજિક દશ્યને બદલવા જવાબદાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સંભાવનાને વધુ સારી બનાવવા ભારતની દષ્ટિને રેખાંકિત કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT